# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) સમગ્ર રાજ્યમાં ભાઈ બીજની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ
2) દિવાળીનાં તહેવારોમાં ધાર્મિક અને પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓનું ઘોડાપુર ઉમટ્યું
3) પશ્ચિમ રેલવે દ્વારા છઠ પૂજાને ધ્યાનમાં રાખીને આજે 22 વિશેષ ટ્રેનો દોડાવવામાં આવશે
4) ઓક્ટોબર મહિનામાં રાજ્યની જી.એસ.ટી. આવક 18 ટકા વધીને 6 હજાર 146 કરોડ રૂપિયા થઈ
5) રાજ્યમાં વિવિધ અકસ્માતમાં પાંચ વ્યક્તિનાં મૃત્યુઃ
6) આગામી એક સપ્તાહ દરમિયાન રાજ્યમાં હવામાન સુકું રહેવાની હવામાન વિભાગની આગાહી

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Gujarat tourists

ગઈકાલે રાજયભરમાં ભાઈબીજના તહેવારની ભારે હર્ષોલ્લાસ સાથે અને હેતપુર્વક ઉજવણી કરવામાં આવી ભાઈ-બહેનના પ્રેમ અને પ્રવિત્ર બંધનના પ્રતિક સમાન આ તહેવારના દિવસે ભાઈએ બહેનના ઘરે જમીને નવા વર્ષની શુભકામના પાઠવી હતી.

દરમિયાન, નધનતેરસથી શરૂ થયેલા દિવાળીનાં મહાપર્વ દરમિયાન રાજ્યનાં પ્રસિધ્ધ ધાર્મિક અને પ્રવાસન સ્થળો ખાતે પર્યટકોનો ધસારો જોવા મળી રહ્યો છે. લોકો મોટી સંખ્યામાં દ્વારકા, સોમનાથ, અંબાજી, પાવાગઢ જેવા ધાર્મિક સ્થળો ઉપરાંત સાપુતારા, કચ્છ, દીવ-દમણ જેવા પર્યટન સ્થળોની મુલાકાતે આવી રહ્યા છે.

અમારા જુનાગઢ જિલ્લાના પ્રતિનિધી સંજીવ મહેતા જણાવે છે કે, દિવાળીની રજાઓમાં જુનાગઢ શહેરમાં પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. ગિરનાર રોપ-વે માં દૈનિક ચાર હજારથી વધુ પ્રવાસીઓ આવી રહ્યા છે. 75 કરોડ રૂપિયાનાં ખર્ચે બનેલા નવનિર્મિત ઉપરકોટના ઐતિહાસિક કિલ્લામાં પણ દૈનિક 10 હજાર જેટલી ટિકિટનું વેચાણ થતું હોવાનું જનરલ મેનેજર રાજેશ તોલાણીએ જણાવ્યું હતું.

છેલ્લાં ચાર દિવસ દરમિયાન 30 હજારથી વધુ પ્રવાસીઓએ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લીધી છે. બીજી તરફ, ભક્તોએ નવા વર્ષના પ્રારંભે અક્ષર મંદિર સ્વામિનારાયણ મંદિર અને નરસિંહ મહેતાના ચોરા ખાતે યોજાયેલા અન્નકુટ દર્શનનો લાભ લીધો હતો.

9 નવેમ્બરથી શરૂ થનારી ગિરનારની લીલી પરિક્રમા માટે અત્યારથી જ ભવનાથમાં વેપારીઓ અને યાત્રિકોની ચહલપહલ શરૂ થઈ છે.

જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં આવેલા નવા રણુજા ધામ ખાતે ભાઈબીજનાં દિવસે ભક્તો મોટી સંખ્યામાં રામાપીરના દર્શન માટે આવ્યા હતા, રામાપીરના દર્શન માટે લોકો દર મહિને બીજનાં દિવસે દર્શનાર્થે આવે છે.

બેસતુ વર્ષ અને ભાઇ બીજનાં દિવસે શક્તિપીઠ પાવાગઢ ખાતે ભક્તો નું ઘોડાપૂર આવ્યું હતું. મહાકાળીના વિશેષ શણગારના દર્શન કરવા ભક્તોમાં અનેરો ઉત્સાહબ જોવા મળ્યો હતો. રોપ વે સહિત નિજ મંદિર ખાતે દર્શન માટે મોટી કતારો જોવા મળી હતી.

પોરબંદરના માધવપુર ઘેડમાં ભાઈબીજના દીવસે સહેલાણીઓના સાગર છલકાયો હતો. ભાઈબીજના પવિત્ર તહેવારે સમુદ્ર સ્નાન કરવાનું અહીં અનેરૂ મહત્વ છે. ભાઈબીજના દિવસે યમુનાજી માધવપુરના દરિયામાં બિરાજતા હોવાની માન્યતાને આજે પણ લોકોએ જીવંત રાખી છે.

માધવરાય મંદિરના મુખિયાજી રૂચિરભાઇ સેવકે ભાઇબીજનાં દિવસનાં મહત્વ અંગે આ મુજબ જણાવ્યુઃ

## (બાઇટ- રુચિરભાઈ સેવક- માધવરાય મંદિરના મુખિયાજી)

---------------------------------------------------------------------

--પીટીસી જુનાગઢ, **NDMS** –(પોરબંદર-મહેશ લુક્કા) હિં.સ., અનિલ

-(NAVIN)

# DIWALI WITH MY BHARAT

યુવા કેન્દ્ર સંગઠન દ્વારા દિવાળીના તહેવારો દરમિયાન વિવિધ જાગરૂકતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે "દિવાલી વિથ માય ભારત કાર્યક્રમ" અંતર્ગત બજાર સંઘો અને CAIT અમદાવાદના સહયોગથી દિવાળીની ખરીદી માટે લાખોની સંખ્યામાં અમદાવાદમાં આવનાર ગ્રાહકોને સ્વચ્છ અને સુંદર માર્કેટ મળે તે માટે સ્વચ્છતા અને જાગૃકતા અભિયાનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે યુવાનો માટે પ્રશિક્ષણ, કાર્યક્રમો, કૌશલ વિકાસ અને અનેક ક્ષેત્રોએ અનુભવથી શિક્ષણ મેળવવા અંગે અનેક તકો માય ભારત પોર્ટલ પર ઉપલબ્ધ છે.

---------------------------------------------------------------------

- dd karan

-(NAVIN)

# special train

પશ્ચિમ રેલવે દ્વારા છઠ પૂજાને ધ્યાનમાં રાખીને  વિવિધ સ્થળો માટે તહેવાર માટેની વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત આજે 22 વિશેષ ટ્રેનો ચલાવવામાં આવશે. જેમાં ઉત્તર પ્રદેશ અને બિહાર માટેની વિશેષ ટ્રેનોનો પણ સમાવેશ થાય છે. આ ટ્રેનો માં અમદાવાદ - દાનાપુર વિશેષ ટ્રેન સવારે 9 વાગીને 10 મિનિટે, અમદાવાદ-આગ્રા કેન્ટ સ્પેશિયલ ટ્રેન અમદાવાદ થી બપોરે 2.10 કલાકે અને સાબરમતી - હરિદ્વાર સ્પેશિયલ ટ્રેન સાબરમતીથી રાત્રે પોણા સાતે કલાકે ઉપડશે. રેલવે દ્વારા ગઇકાલે પણ 18 વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી હતી.

નોંધનીય છે કે આ વર્ષે છઠ અને દિવાળીના અવસર પર ભારતીય રેલવે દ્વારા લગભગ 7 હજાર 500 સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે.

બીજી તરફ વડોદરા-વલસાડ અને વલસાડ-વડોદરા વચ્ચે ચાલતી પેસેન્જર ટ્રેન અનિવાર્ય કારણોસર 6 નવેમ્બર સુધી રદ રહેશે. ટ્રેનના સમય, સ્ટોપ સહિતની માહિતી મુસાફરો www.enquiry.indianrail.gov.in પર મળી શકશે.

---------------------------------------------------------------------

- અપર્ણા ખૂંટ, ચાદી, કરણ, અનિલ પટેલ

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# Body builder Anand Divyang

મન હોય તો માળવે જવાય તે ઉક્તિને આણંદના દિવ્યાંગ યુવાને સાર્થક કરી બતાવી છે. આણંદ ગંજ બજાર પાસે ઓટો ગેરેજ ધરાવતા આણંદના એક દિવ્યાંગ યુવાને નેશનલ બોડી બિલ્ડર સ્પર્ધામાં ભાગ લઈ છઠ્ઠો ક્રમ મેળવીને આણંદનું ગૌરવ વધાર્યું છે. રાજુભાઈ મારવાડી એક પગે જન્મની ખોડ ધરાવે છે તેમ છતા નિયમિત કસરત કરે છે. તેઓ છેલ્લાં ત્રણ વર્ષથી રાજ્ય બોડી બિલ્ડર સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે. આ વર્ષે મહારાષ્ટ્રના ગોરેગાંવ ખાતે નેશનલ બોડી સ્પર્ધા યોજાઇ હતી.

આ અંગે રાજુભાઇએ પોતાની પ્રતિક્રિયા આપી હતીઃ

## બાઈટ : રાજુભાઈ મારવાડી

---------------------------------------------------------------------

- પીટીસી –આણંદ, અનિલ પટેલ -(NAVIN)

# Suvali Beach festival

આ વર્ષના અંતે સુરતમાં સુંવાલી બીચ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારે સુંવાલી બીચ ફેસ્ટિવલ ઉજવવા માટે **50** લાખ રૂપિયાની સહાય કરી છે. સુંવાલી બીચ પર બે દિવસ માટે રંગારંગ કાર્યક્રમ યોજાશે. ચોર્યાસી બેઠકના ધારાસભ્ય સંદીપ દેસાઈએ ડિસેમ્બરના આખરમાં સુંવાલી બીચ ફેસ્ટિવલ યોજાવાની જાહેરાત કરી છે.

---------------------------------------------------------------------

- --હિં.સ. અનિલ

-(NAVIN)

# GST

તહેવારોનાં સમયમાં રાજ્યમાં વસ્તુ અને સેવા કર - જીએસટીની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. ઓક્ટોબર મહિનામાં જીએસટીની આવક ગત વર્ષનાં ઓક્ટોબરની સરખામણીમાં 18 ટકા વધીને 6 હજાર 146 કરોડ રૂપિયા થઈ છે.

રાષ્ટ્રીય સ્તરે 9 ટકાની સામે ગુજરાતમાં 18 ટકાનો વધારો થયો છે. રાજ્યની વેટની આવક 2 હજાર 584 કરોડ થઈ છે. વ્યવસાય વેરાની આવક 28 કરોડ રૂપિયા થઈ છે. ઓક્ટોબર મહિનામાં રાજ્યને 9 હજાર 744 કરોડ રૂપિયાની આવક થઈ હતી  હતી. ચાલુ વર્ષમાં રાજ્યને 67 હજાર 981 કરોડની આવક થઈ  છે.

---

- -ડેસ્ક અનિલ

-(NAVIN)

# ACCCIDENT

રાજ્યમાં ગઇકાલે અલગ અલગ સ્થળોએ સર્જાયેલા માર્ગ અકસ્માત અને અન્ય દુર્ઘટનામાં 5 લોકોના મૃત્યુ અને કેટલાક ઇજાગ્રસ્ત થયા છે. સુરતના માંગરોળના વાંકલ નજીક 2 કાર અને બાઇક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં 2 લોકોના મોત નિપજ્યા હતા, જ્યારે પાંચથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

પેટલાદ તાલુકાના અગાસ ગામમાં મંદિરના બાંકડા ઉપર બેસેલા બે બાળકો બાઇક ફરી વળતાં એક બાળકનું મોત નિપજ્યું હતું અને એકને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

અમારા કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટની જણાવે છે કે દરિયાની મોજ માણવા આવેલા અંજારના પિતા પુત્રનું પાણીમાં ડૂબી જવાથી મુત્યું થયું હતું. દરિયાના પાણીમાં ડૂબી રહેલા આ બંને વ્યક્તિઓને તરવૈયાઓએ પાણીમાંથી બહાર લાવી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડયા હતા જ્યાં તેઓને મૃત જાહેર કરાયા હતા.

---

- હિન્દુસ્તાન સમાચાર,પીટીસી કચ્છ -(NAVIN)

# WEATHER

હવામાન વિભાગે આગામી એક સપ્તાહ દરમિયાન રાજ્યમાં હવામાન સુકું રહેવાની આગાહી વ્યક્ત કરી છે.

છેલ્લા બે દિવસથી રાજયના મોટા ભાગના જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન સામાન્યથી નજીક પહોંચ્યું છે. છેલ્લા કેટલાક દિવસોની સરખામણીએ દિવસે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. અમદાવાદ શહેરમાં છેલ્લા 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાન 36.9 ડીગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જયારે લઘુતમ તાપમાન 22 ડીગ્રી સેલ્સીયસ નોંધાયું છે. ગાંધીનગરમાં 18.6 ડીગ્રી સેલ્સીયસ લઘુતમ તાપમાન નોંધાયું છે. જે રાજયમાં સૌથી ઓછું છે.

---

- ડેસ્ક, અનિલ પટેલ -(NAVIN)

# BHARUCH CASH SEIZED

ભરૂચ શહેરના ભૃગુઋષિ બ્રીજ નીચેથી બિનધિકૃત રીતે આશરે 31 લાખ રૂપિયાની રોકડ અને માલમત્તાની હેરાફેરી કરતા બે શખ્સને LCB ટીમે ઝડપી પાડ્યા છે. આ બંને શખ્સ રીક્ષા દ્વારા આ નાણાં લઈને ટંકારીયા ગામ તરફ જઈ રહ્યા હતા, ત્યારે સ્થાનિક ગુના શાખાની ટૂકડીએ મળેલી માહિતીને આધારે બંનેની અટકાયત કરી હતી.

પોલીસે રોકડા રૂપિયા, રીક્ષા અને મોબાઈલ મળીને કુલ 32 લાખ 86 હજાર રૂપિયાનો લાખનો મુદ્દામાલ કબ્જો કરીને વધુ કાર્યવાહી કરી હતી.

---------------------------------------------------------------------------

- -પીટીસી ભરૂચ અનિલ

-(NAVIN)

# Earthquake Kutch

ભૂકંપ ઝોન પાંચમાં આવતા કચ્છમાં ગઈકાલે ભૂકંપનો આંચકો આવ્યો હતો. ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી રિસર્ચ ઓફિસ ખાતે ભૂકંપની તીવ્રતા 3.4 નોંધાઈ હતી, જેનું કેન્દ્ર બિંદુ લખપતથી 53 કિલોમીટર દૂર આંતરરાષ્ટ્રીય સરહદ નજીક પાકિસ્તાનમાં નોંધાયું હતું. આંચકાથી કોઈ જાનહાનિનાં અહેવાલ નથી.

-----------------------------------------------------------------------

- -હિ.સ અનિલ

-(NAVIN)